**મહેસાણાની શ્રમ અદાલતના ન્યાયાધીશશ્રી એ.એન.તલસાણીયા સાહેબ, મુ.મહેસાણા.**

બી.આઈ.આર. અરજી નંબર. ૨/૨૦૧૫

ચૌધરી કનુભાઈ પુંજાભાઈ,

મુ.ઉણાદ, તા.ખેરાલુ, જી.મહેસાણા. અરજદાર

// વિરૂધ્ધ //

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, દેના ગુજરાત ગ્રામીણ બેંક,

બળવંતરાય મહેતા ભવન, ચ–રોડ, સેકટર–૧૭, ગાંધીનગર.

(૨) રીજયોનલ મેનેજર, દેના ગુજરાત ગ્રામીણ બેંક,

તિરૂપતિ બજાર કોમ્પ્લેક્ષ, સિદ્ધપુર ચાર રસ્તા, પાટણ.

(૩) બ્રાન્ચ મેનેજરશ્રી, દેના ગુજરાત ગ્રામીણ બેંક,

મુ.ઉણાદ, તા.વડનગર, જી.મહેસાણા. સામાવાળા

<u>પ્રતિનિધિત્વઃ</u>–

અરજદાર તરફે – શ્રી આર.કે.ચૌધરી, યુનિયન પ્રતિનિધિ.

સામાવાળા તરફે – શ્રી જે.એમ.પટેલ, એડવોકેટ.

**// આંક–૧૪ પ્રાથમિક મુદ્દાની અરજી હેઠળ હુકમ //**

(૧) આ કામના સામાવાળા અધિકારીએ હાલની આંક–૧૪ થી પ્રાથમિક મુદ્દાની અરજી રજુ કરી, તેમાં ઉપસ્થિત કરેલ પ્રાથમિક મુદ્દા અન્વયે અરજદારની અરજી કાયદેસર ચાલી શકે તેમ ન હોવાનું જણાવી રદ કરવામાં આવે તેવી અરજ ગુજારેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, સામાવાળા દેના ગુજરાત ગ્રામીણ બેંક તે ભારત સરકાર, ગુજરાત સરકાર અને દેના બેંકનું સંયુકત સાહસ છે અને તેને લઈને રાષ્ટ્રીયકૃતનો દરજજો બેંકને મળેલ છે. સમગ્ર દેશમાં આવેલ રાષ્ટ્રીયકૃત બેંકો જેવી કે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ ઈન્ડીયા, પંજાબ નેશનલ બેંક, કેનેરા બેંક, દેના બેંક વિગેરે બેંકોને રાષ્ટ્રીયકૃત બેંકો હોવાને લઈને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ લાગુ પડે છે અને સામાવાળાની બેંકનો સમાવેશ તેજ દરજજામાં

થતો હોઈ સામાવાળા બેંકને ઔદ્યોગિક વિવાદની જોગવાઈઓ લાગુ પડે છે. સામાવાળાની બેંક જે તે રાજય પુરતી સહકારી સોસાયટી અન્વયે નોંધાયેલ સહકારી બેંક નથી. બી.આઈ.આર.એકટમાં સહકારી બેંકોનો સમાવેશ થતો હોઈ તે સહકારી કો.ઓપ.બેંકને બી.આઈ.આર.એકટની જોગવાઈઓ લાગુ પડે છે પરંતુ સામાવાળાની બેંક સહકારી કાયદા અન્વયે રચાયેલ સહકારી કો.ઓપ.બેંક નથી તેથી બી.આઈ.આર.એકટની જોગવાઈઓ લાગુ પડતી નથી. જેથી અરજદારની અરજી સદર ધારા અન્વયે ગુણદોષ ઉપર ચલાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને સદર અરજીમાં જણાવેલી વિગતો ધ્યાનમાં લેતાં નામ.મજુર અદાલતને સદર ધારા અન્વયે ફાઈલ કરવામાં આવેલ અરજી ચલાવવાની હકુમત મળતી નથી તેથી અરજદારની અરજી રદ કરવા વિનંતી છે.

(૨) સદર અરજી રજુ થતાં તે અરજી પર "જવાબ તથા સાંભળવા" તેવો હુકમ મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રી દ્વારા કરવામાં આવેલ છે. સામાવાળાની આ અરજી વિરૂદ્ધ અરજદાર તરફથી કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી અને આંક–૧૬ થી પુરસીસ રજુ કરી જવાબ આપતા માંગતા ન હોઈ કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે. આંક–૧૫ ના લીસ્ટથી સામાવાળાએ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિદ્વાન વકીલ/પ્રતિનિધિશ્રીની આંક–૧૪ પરત્વેની વિસ્તારપુર્વકની દલીલો સાંભળી કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

(૩) સમગ્ર કેસનું રેકર્ડ તેમજ પક્ષકારો તરફેની દલીલો ધ્યાનમાં લેતાં, સામાવાળાની સદર આંક–૧૪ ની અરજી પરત્વે શો હુકમ થઈ શકે? તે બાબતે જોઈએ તો, સામાવાળાના વિદ્વાન વકીલશ્રીની મુખ્યત્વે દલીલ તથા રજુઆત છે કે, સામાવાળા સંસ્થા દેના ગુજરાત ગ્રામીણ બેંક તે ભારત સરકાર, ગુજરાત સરકાર અને દેના બેંકનું સંયુકત સાહસ છે અને તેને રાષ્ટ્રીયકૃત દરજજો મળેલ છે. રાષ્ટ્રીયકૃત બેંકોને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ લાગુ પડે છે. સામાવાળા બેંક સહકારી સોસાયટી તથા નોંધાયેલ સહકારી બેંક નથી. બી.આઈ.આર.એકટમાં સહકારી બેંકોનો સમાવેશ થતો હોઈ, સામાવાળા બેંકને બી.આઈ.આર.ની જોગવાઈઓ લાગુ પડતી નથી. તેથી અરજદારની મુળ અરજી રદ કરવા વિનંતી છે.

જયારે અરજદારના વિદ્વાન પ્રતિનિધિશ્રીની દલીલ છે કે, સામાવાળા બેંકને બી.આઈ.આર.એકટની જોગવાઈઓ લાગુ પડે છે તેથી નામદાર લેબર કોર્ટમાં મુળઅરજી દાખલ કરેલ છે. સામાવાળાની પ્રાથમિક મુદ્દાની અરજી રદ કરવા વિનંતી છે.

પક્ષકારો તરફેની દલીલોના સંદર્ભમાં કેસની હકીકત જોઈએ તો, અરજદારે મુળકેસ અરજી બી.આઈ. આર. એકટ (જીઆઈઆર એકટ) ૧૯૪૬ ની કલમ–૭૮,૭૯ હેઠળ દાખલ કરેલ છે. બી.આઈ.આર.એકટ ની કલમ–૨ માં આ જોગવાઈઓ લાગુ પડવા બાબતે જણાવેલ છે જે આ મુજબ છે.

"ક.૨ વ્યાપ્તિ, આરંભ અને લાગુ પડવા બાબત–

(૧) આ અધિનિયમ સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(૨) (ક)(એ) આ અધિનીયમ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કરે તે તારીખે અમલમાં આવશે.

(ખ) (બી) મુંબઈ ઔધોગિક સંબંધ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૧ થી ગુજરાત રાજયના જે વિસ્તારોને તે લાગુ પાડવામાં આવ્યો હોય તે વિસ્તારોમાં રાજય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવી બીજી તારીખે તે અમલમાં આવશે.

(૩) આ અધિનિયમ શરૂ થયાની તરત જ પહેલા જે વિસ્તારોમાં મુંબઈ ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૩૮, અમલમાં હતો તે, વિસ્તારોમાં સદરહુ અધિનિયમ જે ઉધોગોને લાગુ પડતો હતો તે ઉધોગોને આ અધિનિયમ લાગુ પડશે.

પરંતુ મુંબઈ ઔધોગિક સંબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૪૯ અમલમાં આવે તે તારીખથી આ અધિનિયમ ભારતની ઈમ્પીરીયલ બેન્કને તથા બેન્કીંગ કંપની અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૫ માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ બેન્કીંગ કંપની જેની એક કરતાં વધારે શાખાઓ રાજયમાં અથવા બીજી કામકાજની જગાઓ હોય તેને લાગુ પડતો બંધ થશે.

(૪) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદધ કરીને, આ અધિનીયમની તમામ અથવા કોઈ જોગવાઈ, એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા બીજા તમામ અથવા કોઈ ઉધોગને સામાન્યતઃ અથવા કોઈ પણ સ્થાનિક વિસ્તારમાં લાગુ પાડી શકશે."

આમ, રાજય સરકાર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કરવામાં આવેલ હોય તે વિસ્તારના ઉધોગોને આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડે છે.

રાજય સરકારશ્રીના સચિવાલય, અમદાવાદ દ્વારા તા.૧૭/૭/૧૯૬૧ ના રોજ બેન્કીંગ કંપનીઓને આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડવા બાબતમાં જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે જે આ મુજબ છે.

"/જાહેરનામુ/

સચિવાલય, અમદાવાદ, તારીખ ૧૭ મી જુલાઈ ૧૯૬૧

નંબર બીઆઈઆર ૧૩૬૧–૪ – મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૭ ના મુંબઈના ૧૧ માં) ની કલમ–૨ ની પેટા કલમ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ફરમાવે છે કે સદરહુ અધિનિયમની તમામ જોગવાઈઓ સન ૧૯૬૧ ના ઓગષ્ટ મહિનાની ૧ લી તારીખે અને તે તારીખથી રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં સમાવિષ્ટ થયેલા સ્થાનિક વિસ્તારોમાં ગુજરાત રાજય

બહાર જેમની શાખાઓ અથવા બીજા એસ્ટાબ્લિશમેન્ટ હોય તે સિવાયની જે બેન્કીંગ કંપનીઓને બેન્કીંગ કંપની, અધિનિયમ, ૧૯૪૯ લાગુ પડે છે તે કંપનીઓના કામકાજને લાગુ પડશે."

આ જાહેરનામુ ધ્યાનમાં લેતાં સ્પષ્ટ થાય છે કે, જે બેન્કીંગ કંપનીઓને બેન્કીંગ કંપની અધિનિયમ, ૧૯૪૯ લાગુ પડતો હોય અને ગુજરાત રાજય બહાર જેની શાખાઓ છે તે સિવાયની બેન્કીંગ કંપનીઓ અને સહકારી બેન્કોને બી.આઈ.આર.એકટની જોગવાઈઓ લાગુ પડે છે.

સામાવાળા બેન્ક તે દેના ગુજરાત ગ્રામીણ બેંક છે દેના ગુજરાત ગ્રામીણ બેંકને રાષ્ટ્રીયકૃત બેંકનો દરજજો મળેલ છે અને તે રાષ્ટ્રીયકૃત બેન્ક છે તેવો પુરાવો સામાવાળા તરફથી આ કામમાં રજુ થયેલ નથી. સામાવાળા દેના ગુજરાત ગ્રામીણ બેંકની ગુજરાત રાજય બહાર શાખાઓ આવેલ હોય તેવો પુરાવો પણ સામાવાળા તરફથી આ કામમાં રજુ થયેલ નથી. આ સંજોગોમાં બી.આઈ.આર.એકટની કલમ–૨ તથા રાજય સરકારશ્રી દ્વારા તા.૧૭/૭/૧૯૬૧ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામુ ધ્યાનમાં લેતાં સામાવાળા બેન્ક તે બેન્કીંગ કંપની અધિનિયમ ૧૯૪૯ અન્વયે ની બેન્કીંગ કંપની હોઈ સામાવાળા બેન્કને બી.આઈ. આર. એકટ હેઠળની જોગવાઈઓ લાગુ પડતી નથી તેમ કહી શકાય નહી અને તેથી સામાવાળા બેન્કને બી.આઈ.આર.એકટ ૧૯૪૬ ની જોગવાઈઓ લાગુ પડે છે તેવું ઠરાવવામાં આવે છે. ઉપરોકત હકીકત અને સંજોગોમાં અરજદારની મુળઅરજી આ કાયદા હેઠળ ચાલવાપાત્ર હોઈ, સામાવાળાની સદર આંક–૧૪ ની પ્રાથમિક મુદ્દાની અરજી રદ/નામંજુર કરવામાં આવે તો તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયના હિતમાં થઈ રહેશે તેવું મારૂ નમ્રપણે માનવું છે.

ઉપરોકત હકીકત અને સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

(૧) સામાવાળાની સદરહુ આંક–૧૪ ની પ્રાથમિક મુદ્દાની અરજી આથી રદ/નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) હુકમ આજરોજ જાહેર કર્યો.

સ્થળઃ મહેસાણા.
તા.૨૩/૯/૨૦૧૯

(અજયકુમાર નટવરલાલ તલસાણીયા)
GJ00790
ન્યાયાધીશ
શ્રમ અદાલત, મહેસાણા.